દાદા ભગવાન પરિવારનું

મે ૨૦૨૫

# અક્રમ એક્સપ્રેસ



# રજજા... એ... મજજા...

## સંપાદકીય

બાળમિત્રો,

રજા એટલે મજા ! રજાઓમાં મજા કરવાનું કોઈ ને કોઈ બહાનું ડીડીમા જંગલ શોધી જ કાઢે છે. આ વર્ષે એમણે શોધ્યું છે એક કૅલેન્ડર.

દુનિયાના દરેક દેશમાં રજાની તારીખો તો જુદી જુદી હોય છે. પણ અમુક એવા દિવસો છે જે દુનિયાભરમાં એક સરખી તારીખે ઊજવાય છે. મે મહિનામાં, દુનિયા અને દેશભરમાં ઊજવાતા એ દિવસોની તારીખો ભેગી કરીને ડીડીમા જંગલે એક કૅલેન્ડર બનાવ્યું છે. આ કૅલેન્ડરનો સહુથી સ્પેશિઅલ દિવસ છે, પૂજ્યશ્રીનો બર્થ ડે. ચાલો જોઈએ, આ કૅલેન્ડરમાં કયા કયા દિવસો છે ? અને એની ઊજવણી ડીડીમા જંગલમાં કેવી રીતે થઈ.

- ડિમ્પલ મહેતા

અક્રમ એક્સપ્રેસ

May, 2025
Year 17, Issue : 09
Conti. Issue No.: 201
Published Monthly

સંપર્ક સૂત્ર:
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.

© 2025, Dada Bhagwan Foundation
All Rights Reserved

Price Per Copy: NIL

# કૅલેન્ડર

ડીડીમા જંગલના નોટિસ બૉર્ડ પર મે મહિનાનું કૅલેન્ડર મૂક્યું હતું. ઉપર મોટા અક્ષરોએ લખ્યું હતું, 'સેલિબ્રેશન મંથ' અને નીચે નાના અક્ષરોમાં લખ્યું હતું, 'વધુ વિગતો જાણવા માટે આજે સાંજે છ વાગે તળાવ પાસે મળીશું.'

શું હશે આ ઉજવણી ? કેવી રીતે થશે ? એ જાણવા માટે બધા જ ઉત્સુક હતા. છ વાગે તો આખું ડીડીમા જંગલ તળાવ પાસે હતું. થીઓએ સહુથી પહેલા બધાને ફ્રેશ શરબત પીવડાવ્યું. પછી ઝોઈએ હાથમાં માઈક લઈને જાહેર કર્યું, 'આ વખતે આપણે મે મહિનામાં જુદા જુદા દિવસોની ઉજવણી કરીશું.' આ સાંભળી બધા જ ખુશ થઈ ગયા. અને પછી એ દિવસો કયા કયા છે, તેની વિગત આપી.



# 'સેલિબ્રેશન મંથ'

૧ મે - ગુજરાત સ્થાપના દિવસ

૪ મે - આંતરરાષ્ટ્રીય હાસ્ય દિવસ

૯ મે - પૂજ્યશ્રીનો બર્થ ડે

૧૧ મે - મધર્સ ડે

૧૨ મે - બુદ્ધ પૂર્ણિમા

૧૫ મે - આંતરરાષ્ટ્રી પરિવાર દિવસ

આ બધા દિવસો કેવી રીતે સેલિબ્રેટ થઈ શકે એની ઘણી લાંબી ચર્ચાઓ થઈ. આખરે, બધાએ મળીને અમુક પૉઈન્ટ્સ નક્કી કર્યા. તો ચાલો જોઈએ, ડીડીમા જંગલે આ બધા દિવસોની ઉજવણી કેવી રીતે કરી.




ગુલ્લુ, પોલો અને મોમોએ મળીને ડીડીમા જંગલના તળાવ પાસે ગુજરાત ઉપર એક પ્રદર્શન તૈયાર કર્યું. ફુગ્ગાઓ અને રિબન્સથી એન્ટ્રન્સ શણગાર્યું. ખરેખર એવું લાગતું હતું, કે જાણે કોઈનો જન્મદિવસ ઊજવાઈ રહ્યો છે.

એન્ટ્રી પછી તરત જ બે ભવ્ય ફોટોસ હતા. રંગબેરંગી ફૂલોની હારમાળાઓથી ફોટોસ સજાવ્યા હતા. આસપાસ રંગોળીઓ બનાવેલી અને દીવા પણ પ્રગટાવ્યા હતા. ઉપર મોટા ગોલ્ડન અક્ષરોમાં લખ્યું હતું, 'ગુજરાતમાં જન્મ્યા જ્ઞાની'. આ ફોટોસ હતા, દાદા ભગવાન અને શ્રીમદ્ રાજચંદ્રના.

દાદા ભગવાનનો ફોટો તો એટલો લાઈવ હતો, કે દરેકને દાદાશ્રીની આંખોમાં જોઈને એવું લાગ્યું, જાણે દાદા એમની જ સામે જોઈને એમને આશીર્વાદ આપી રહ્યા છે.

આલુએ કહ્યું, 'આપણે કેટલા પુણ્યશાળી છીએ, કે ગુજરાતમાં આવા મહાન જ્ઞાનીઓ જન્મ્યા અને ગુજરાતી ભાષામાં એમણે આપણને જ્ઞાન આપ્યું.'

બધાએ દિલથી શ્રીમદ્ રાજચંદ્ર અને દાદા ભગવાનના ચરણોમાં માથું ઝુકાવ્યું અને પછી આગળ વધ્યા.

મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલથી લઈને ધીરુભાઈ અંબાણી, ગૌતમ અદાણી અને કરસનભાઈ પટેલ જેવી બધી મહાન વ્યક્તિઓ ગુજરાતની છે, એ જોઈને આલુ-ચીલીને મજા પડી ગઈ.

આગળ જતા, ગુજરાતના 'વર્લ્ડ ફેમસ વૈજ્ઞાનિક' ડૉક્ટર વિક્રમ સારાભાઈનો ફોટો હતો. અમદાવાદમાં જન્મેલા ડૉક્ટર



વિક્રમ સારાભાઈની મોટી મોટી વૈજ્ઞાનિક સિદ્ધિઓ વાંચતા વાંચતા તો આલુ-ચીલીની આંખો થાકી ગઈ. પણ એટલું તા બન્નેને સમજાઈ ગયું, કે ડૉક્ટર વિક્રમ સારાભાઈ 'ફાધર ઑફ ધી ઈન્ડિયન સ્પેસ પ્રોગ્રામ' તરીકે જાણીતા છે.

રીઝોએ એક ઈન્ટરેસ્ટિંગ વાત કહી, 'તમને લોકોને ખબર છે ? અમદાવાદ વર્લ્ડ ફેમસ કેમ છે ? કારણ કે, અમદાવાદમાં દુનિયાની સહુથી ટૉપ ઈન્સ્ટિટ્યૂટ્સ છે. જેવી કે, **IIM-A, ATIRA, PRL** અને **CEPT.** અને તમે જાણો છો આ બધું કોણે બનાવ્યું છે ? ડૉક્ટર વિક્રમ સારાભાઈએ !'

છેલ્લે ગુજરાતની લોકપ્રિય જગ્યાઓ અને મંદિરોના ફોટોસ હતા. એ જોઈને થીઓ એન્ડ ફ્રેન્ડ્સે તો એમના એડવેન્ચર પ્લાન કરી લીધા. મોઢેરાનું 'સૂર્ય મંદિર' અને ભુજનું 'સ્મૃતિવન મ્યૂઝિયમ' એમના લિસ્ટ પર સહુથી ઉપર હતા.

''ખબર છે ? ભુજનું 'સ્મૃતિવન મ્યૂઝિયમ' ઈન્ડિયાનું સહુથી મોટું મ્યૂઝિયમ છે !'', ઝોઈએ કહ્યું. ''ઈન્ડિયાનું જ નહીં, વર્લ્ડના ટૉપ સાત મ્યૂઝિયમમાં 'સ્મૃતિવન'નો નંબર આવે છે'', રીઝોએ એની વાત સુધારતા કહ્યું.

અંબાજી, દ્વારકા અને સોમનાથના મંદિરોમાં તો થીઓ એન્ડ ફ્રેન્ડ્સ ગયેલા. પણ ઝોઈએ કહ્યું, 'આપણે આ વેકેશનમાં જૂનાગઢ જઈશું.'

'ત્રિમંદિર જોવા ?', થીઓએ પૂછ્યું.

'હા ! અને એટલા માટે પણ, કે આવતી ચોવીસીના બધા જ તીર્થંકરો જૂનાગઢથી મોક્ષે જશે !' ઝોઈએ જવાબ આપ્યો.

થીઓ એન્ડ ફ્રેન્ડ્સનો ફરવાનો પ્લાન બન્યો. પછી આલુએ પૂછ્યું, 'અરે ! ગુજરાતના ક્રિકેટર્સનું શું ?!' 'એ તો ભુલાઈ જ ગયું !', મોમોએ માથું ખંજવાળતા કહ્યું.

બધા એક સાથે ગુજરાતના ક્રિકેટર્સના નામ બોલવા લાગ્યા. 'હાર્દિક પંડ્યા', 'રવીન્દ્ર જાડેજા', 'ઈરફાન પઠાણ', 'પાર્થિવ પટેલ.'

ત્યાં તો 'બુમરાહ'ના નામ પર થોડો વિવાદ થયો, કે એ ગુજરાતી ગણાય કે નહીં. પણ ગુજરાતમાં મોટા થયેલા ગુજરાતી જ ગણાય એ નિર્ણય પર બધા આવ્યા.

આવી મસ્તમજાની વાતો જાણીને બધાને 'ગુજરાતી' હોવાનો આનંદ થયો. છેલ્લે છેલ્લે તળાવ પર ઉત્સાહપૂર્વક બધાએ ગરબા કર્યા અને ફાફડા-જલેબી અને ખમણ-ઢોકળા ખાઈને ગુજરાતના જન્મદિવસની ઉજવણી સમાપ્ત કરી.






જીફફી બધાને કોમેડી વાર્તા કહેવાનો હતો. એણે માઈક હાથમાં લીધું. ઝોઈને ચિંતા થઈ, કે જીફફીની વાર્તા સાંભળીને બધાને હસવું આવશે કે નહીં ? જો કોમેડી વાર્તા કહેતા કહેતા જીફફી રડી પડ્યો તો ?! ટ્રેજડી થઈ જશે !! ઝોઈ પોતાના વિચારોમાં ખોવાયેલી હતી ત્યાં તો જીફફીએ વાર્તા શરૂ કરી.

એક વખત મુલ્લા નસરૂદ્દીનનું પેટ ખરાબ થયું. વૈદે મુલ્લાને સવાર-સાંજ ચાલવાની સલાહ આપી.




એક દિવસ મોડી રાત્રે મુલ્લા ચાલવા નીકળ્યા. ચાલતા ચાલતા શહેરથી દૂર નીકળી ગયા. રસ્તામાં એમણે ત્રણ લોકોને એમની તરફ ઈશારો કરતા જોયા. મુલ્લા સમજી ગયા, કે એ ડાકુઓ છે. એ એકદમ ઝડપથી ચાલવા લાગ્યા. મુલ્લા આગળ અને ડાકુઓ પાછળ.

ચાલતા ચાલતા મુલ્લા અચાનક એક નાનકડી ગલીમાં વળી ગયા. ગલી તો ગઈ કબ્રસ્તાન તરફ.

થીઓએ વચ્ચે પૂછ્યું, ‘કબ્રસ્તાન એટલે જ્યાં કબરો હોય ? મર્યા પછી લોકોને જ્યાં દાટે ત્યાં ?!’

જીફફીએ ‘હા’ કહી. ઝોઈને ફરી ચિંતા થઈ, કે આ ‘હૉરર’ સ્ટોરી છે કે ‘કોમેડી’ ?! સ્ટોરી આગળ વધી.





કબ્રસ્તાનમાં મુલ્લાને એક અડધી ખોદાયેલી કબર દેખાઈ. એ તો એની અંદર જઈને સૂઈ ગયા. ડાકુઓ મુલ્લાનો પીછો કરતા કરતા ત્યાં આવી ગયા અને મુલ્લાને ધમકાઈને કહ્યું, 'તું અમારાથી છૂપાય છે ?!'


મુલ્લાએ એકદમ ધીમા અવાજે કહ્યું, 'અરે, ના ના ! હું તો ગયા અઠવાડિયે જ મરી ગયો હતો. અને મને અહીં દાટી દીધો હતો. આ તો કોઈક કોઈકવાર ઠંડી હવા ખાવા બહાર નીકળું છું. શું કરું ? અંદર બહુ ગરમી લાગે છે ! મરી ગયા તો શું થયું... ? થોડું ઘણું તો અમારે પણ ચાલવું પડે ને !'

ડાકુઓના ચહેરાઓ એકદમ જોવાલાયક થઈ ગયા. એકદમ એક ડાકુ બોલ્યો, 'ભૂત, ભૂત, ભાગો !!'

અને ત્રણેવ ઊભી પૂંછડીએ નાઠા. મુલ્લા કબરમાંથી ઊઠ્યા અને ધૂળ ખંખેરીને હસતા હસતા પોતાના ઘર તરફ ચાલતા થયા.

ઝોઈ હસી પડી અને તાળીઓ પાડતી પાડતી પોતાની જગ્યાએથી ઊભી થઈ ગઈ. ખરેખર તો એને હસવું ઓછું આવ્યું હતું, પણ 'હાશ' વધારે થઈ હતી. એને જોઈને બધાએ જ તાળીઓ પાડી. અને બધાને ખુશ જોઈને જીફ્ફીની આંખમાં આંસુ આવી ગયા.






તે દિવસે આખા ડીડીમા જંગલમાં ઉત્સવનો માહોલ હતો. રાત્રે ડીડીમાના બધા જ ઘરોની બહાર દીવા પ્રગટાવ્યા હતા. ઝાડ પર નાની નાની લાઈટોની હારમાળાઓ બનાવી હતી. ફુગ્ગાઓનું ઘુમ્મટ હતું. પાતળી દોરીઓથી નાના નાના શણગારેલા ફાનસ એવી રીતે લટકી રહ્યા હતા, કે જાણે હવામાં તરી ના રહ્યા હોય !



સજાવટ જેટલી જબરજસ્ત હતી, એનાથી પણ વધુ જોરદાર ખાવાનું બન્યું હતું. થીઓના રેસ્ટોરન્ટમાં આટલું ટેસ્ટી ફૂડ પહેલા ક્યારેય બન્યું નહોતું. ચીલી અને કોકોએ પૂજ્યશ્રી માટે 'હેપ્પી બર્થ ડે' સૉંગ ગાયું. પછી બધાએ મળીને પૂજ્યશ્રીની તબિયત હંમેશાં સરસ રહે એના માટે એક કલાક 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' ગાયા. કેક કટિંગ ટાઈમ થયો અને સહુએ પાઈનૅપલ જીંજર કેક કટ કરી.



ત્યાર બાદ વિકીએ માઈક હાથમાં લઈને કહ્યું, 'પૂજ્યશ્રી આપણને હંમેશાં આનંદમાં રહેવાનું કહે છે ને ! તો ચાલો, એક એવી વિડિઓ જોઈએ જેમાં પૂજ્યશ્રી આપણને આનંદ કરાવે છે.' એ વિડિઓની થોડી વાતો અહીં મૂકી છે.



પ્રશ્નકર્તા : તમને એક જનરલ નૉલેજનો પ્રશ્ન પૂછું, તમે વાદળી પૅનથી લાલ લખી બતાવો.

પૂજ્યશ્રી : હેં !!!

પ્રશ્નકર્તા : વાદળી પૅનથી લાલ લખી બતાવો.

પૂજ્યશ્રી : વાદળી પૅનથી લાલ ? એ તો લખી લેવાય ને... વાર કેટલી...? લાલ.

પ્રશ્નકર્તા : તમે વાઈટ કપડાં જ કેમ પહેરો છો ? બીજા કોઈ કલરના કેમ નથી પહેરતા ?

પૂજ્યશ્રી : એનું કારણ છે ને... ડાઘ પડે તો તરત જડે.

પ્રશ્નકર્તા : હજુ એક પ્રશ્ન છે, તમારી પાછળ કૂતરો પડે તો તમે શું કરો ?

પૂજ્યશ્રી : પાછળ પડી જાય તો એને બિચારાને ઊભો કરું. પડી કેમ ગયો ? પડેલાને ઊભો કરવું એટલું જ કામ છે મારું તો. પાડવાનું કામ મારું નથી. પછી ?

પ્રશ્નકર્તા : દીપકભાઈ, તમને ક્યાંય ફરવા મોકલવામાં આવે, તો તમે કઈ જગ્યાએ ફરવાનું પસંદ કરશો ?

પૂજ્યશ્રી : સીમંધર સિટી, ત્રિમંદિર.

પ્રશ્નકર્તા : કેમ ?

પૂજ્યશ્રી : ભગવાનની પાસે જવા મળે ને, દર્શન થાય, ભક્તિ થાય, એમના જેવા વીતરાગ થવાય.



પ્રશ્નકર્તા : દીપકભાઈ, તમે કોઈ દિવસ રસોઈ બનાવેલી ?

પૂજ્યશ્રી : બનાવેલી ને.

પ્રશ્નકર્તા : પહેલીવાર તમે કોને ખવડાવી ?

પૂજ્યશ્રી : નીરુમાએ શિખવાડ્યું હતું. પછી બનાવી અને અમે બધાએ ખાધી. નીરુમાએ પણ ખાધેલું તે દહાડે.

પ્રશ્નકર્તા : ત્યારે તમે શું બનાવ્યું હતું ?

પૂજ્યશ્રી : તીખી ભાખરી.

પ્રશ્નકર્તા : તો તમને કેવી લાગી હતી ?

પૂજ્યશ્રી : મને બહુ મીઠી લાગી હતી.

પ્રશ્નકર્તા : જય સચ્ચિદાનંદ.



MAY 11 મધર્સ ડે

ડીડીમા જંગલમાં બધાએ વિચાર્યું, કે 'મમ્મી આપણા માટે કેટલું બધું કરે છે. ચાલો, આ મધર્સ ડે પર આપણે મમ્મી માટે કંઈક સ્પેશિઅલ બનાવીએ.'

# ચાટ બોટ

## સામગ્રી -

કાકડી - ૩ નંગ
કાંદા સમારેલા - ૧ નંગ
ટામેટા સમારેલા - ૧ નંગ
કૅપ્સિકમ સમારેલા - ૧/૨ વાટકી
લીંબુનો રસ - ૧ ચમચી
ચિલિ ફ્લેક્સ - ૧ ચમચી
ઑરેગાનો - ૧/૨ ચમચી
કેચ અપ - ૨ ચમચી
મરી પાવડર - ૧/૨ ચમચી
આલુ સેવ - ૧ પેકેટ
ચાટ મસાલો - ૧/૨ ચમચી
સ્વાદ અનુસાર મીઠું



## રીત -

સૌ પ્રથમ કાકડીની છાલ ઉતારી તેના ઊભા બે સરખા ભાગ કરો પછી એની અંદરનો પલ્પ કાઢીને ફોટો પ્રમાણે તૈયાર કરી લો.



કાંદા, ટામેટા, કૅપ્સિકમ સમારી મિક્સ કરો. ત્યાર પછી તેમા ૨ ચમચી કેચ અપ, ચિલિ ફ્લેક્સ, ઑરેગાનો, મરી પાવડર, ચાટ મસાલો, લીંબુનો રસ, અને મીઠું સ્વાદ પ્રમાણે ઉમેરો.

બધું બરાબર મિક્સ કરી કટ કરેલી કાકડીના વચ્ચેના ભાગમાં આ મિશ્રણ ભરવું અને ઉપરથી આલુ સેવ નાખી ગાર્નિશ કરો.





ત્યાર પછી કાકડીની પાતળી સ્લાઈસ કરી ફોટોમાં બતાવ્યા પ્રમાણે ટૂથપીકની મદદથી તેન બોટનો આકાર આપી બોટ બનાવો.

MAY 12

# બુદ્ધ પૂર્ણિમા

ડીડીમા જંગલમાં બધાએ જ ગૌતમ બુદ્ધનું નામ સાંભળ્યું હતું. પણ એમના વિશે કોઈને કંઈ ખાસ ખબર નહોતી. તે દિવસે બુદ્ધ ભગવાનની પ્રતિમા ડીડીમા જંગલમાં લાવવામાં આવી હતી. ઓલીની વાર્તા સાંભળવા બધા જ ઉત્સુક હતા. ઓલીએ ચશ્મા ચઢાવ્યા અને વાર્તા શરૂ કરી.

બુદ્ધનો જન્મ પ્રાચીન ભારતની કપિલવસ્તુ નગરીમાં એક મોટા રાજ પરિવારમાં થયો હતો. (એ જગ્યા આજે નેપાળમાં છે.) જન્મ સમયે એમનું નામ સિદ્ધાર્થ હતું. એમના નામકરણ વખતે ઘણા વિદ્વાનોએ ભવિષ્યવાણી કરી હતી, કે તેઓ મહાન રાજા અથવા મહાન સત્પુરુષ બનશે. આ વાતને વર્ષો વીત્યા. રાજવૈભવના બધા જ



સુખ હોવા છતાંય એમને લાગતું હતું, કે જીવનનું લક્ષ્ય કંઈક બીજું જ હોવું જોઈએ.

ઓગણત્રીસ વર્ષની ઉંમરે જીવનના દુઃખોમાંથી મુક્તિનો માર્ગ શોધવા તેમણે રાજપાટ છોડી દીધા અને સંન્યાસી જીવનની શરૂઆત કરી.

એકવાર બુદ્ધ તેમના શિષ્યો સાથે એક ગામમાંથી પસાર થઈ રહ્યા હતા. એ ગામમાં અંગુલિમાલ નામના ડાકુએ જબરજસ્ત ડર ફેલાવ્યો હતો. કહેવાતું હતું, કે એણે હજાર લોકોને મારવાની પ્રતિજ્ઞા લીધી હતી. હજારની ગણતરી બરાબર થાય તે માટે તે દરેકને મારીને એની એક આંગળી કાપી નાખતો અને એ આંગળીને એક માળામાં પરોવી દેતો. એ માળા એ પોતાના ગળામાં પહેરતો. અને તેથી જ એનું નામ ‘અંગુલિમાલ’ પડી ગયું.



અંગુલિમાલ નવસો નવ્વાણું લોકોને મારી ચૂક્યો હતો. એ હજારમી વ્યક્તિની શોધમાં હતો. લોકોએ બુદ્ધને અંગુલિમાલની નજીક જતા રોક્યા. પણ બુદ્ધને કોઈ ડર નહોતો. તેઓ તો અંગુલિમાલને આ હિંસામાંથી બચાવવા માગતા હતા. જેવા બુદ્ધ એ રસ્તા પરથી પસાર થયા, કે અંગુલિમાલની નજર એમના પર પડી અને એ એમને મારવા માટે દોડ્યો. પણ કોણ જાણે કેમ, અંગુલિમાલ કેમે કરીને એમની નજીક નહોતો પહોંચી શકતો. એણે જોરથી બૂમ પાડી, 'એય... ત્યાં જ રોકાઈ જા !'

બુદ્ધે પ્રેમથી પાછળ ફરીને કહ્યું, 'હું તો રોકાઈ ગયો છું, તું કેમ નથી રોકાતો ?'

બુદ્ધનો પ્રેમ અને એમની અંદરની ગજબની શાંતિના પડઘા અંગુલિમાલને પડ્યા. થોડી ક્ષણો માટે તો એ બુદ્ધને જોતો જ રહી ગયો. પછી થોડીવાર રહીને એણે જોરથી પૂછ્યું, 'એટલે શું કહેવા માગે છે તું ?'

બુદ્ધે કહ્યું, 'મેં તો કેટલાય સમયથી લોકોને દુઃખ આપવાનું બંધ કરી દીધું છે. પ્રેમ અને શાંતિનો રસ્તો અપનાવી લીધો છે. તું તારી નબળાઈઓમાંથી ક્યારે બહાર નીકળીશ ?'

અંગુલિમાલે જોરથી કહ્યું, 'હું અને નબળો ? હું તો બહુ જ શક્તિશાળી છું. જોતો નથી આ આંગળીઓની માળા ?'

બુદ્ધે કહ્યું, 'હા. આ આંગળીઓ તો તેં કાપી નાખી. પણ શું તું એમને ફરી જોડી શકે ?' અંગુલિમાલ ચૂપ રહ્યો.

બુદ્ધે કહ્યું, 'જે તું જોડી ના શકે તેને તોડવાનો તને શું

અધિકાર છે ? જે જીવોને તું બનાવી નથી શકતો, એમને મારવાનો પણ તને કોઈ અધિકાર નથી.'

બુદ્ધના શબ્દોમાં કોણ જાણે કેવો જાદુ હતો, કે અંગુલિમાલની આંખોમાંથી આંસુ સરી પડ્યા. એણે બુદ્ધના ચરણોમાં સમર્પણ કર્યું. વર્ષો સુધી ખૂબ પ્રાયશ્ચિત કરીને અંગુલિમાલ પોતાના ગુનાઓમાંથી મુક્ત થયા.

વાર્તા પતી અને ઓલીએ ચશ્મા કાઢીને બધાની સામે જોયું. બધા જ બહુ ગંભીર થઈ ગયા હતા. જીફફીને બધું જ ઝાંખું ઝાંખું દેખાતું હતું. રીઝોએ જીફફીને આંખો લૂછવા માટે ટિસ્યૂ પેપર આપ્યું. અને પછી બધાએ સાથે મળીને બુદ્ધ ભગવાનની પ્રતિમાને હાર પહેરાવ્યો.



MAY 15

# આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ

ડીડીમા જંગલને હળીમળીને ઉજવણી કરવા માટે ક્યાં કોઈ 'પરિવાર દિવસ'ની જરૂર હતી ?! એમના માટે તો રોજ જ 'પરિવાર દિવસ' હતો. દર વખતની જેમ તે દિવસે પણ તળાવ પર ખાસ્સી ધમાલ હતી. ગેમ્સ પતી કે તરત જ ખાવાનું પીરસાવા માંડ્યું.

ટીગુનો કઝીન ભાઈ સાંચેઝ મિઝીપુ જંગલથી વેકેશનમાં ટીગુ પાસે રહેવા આવ્યો હતો. આઈસ્ક્રીમ ખાતા ખાતા એ સ્ટેજ પર ગયો અને બધાનું ધ્યાન પોતાના તરફ દોર્યું, "દોસ્તો, આ વેકેશન મારું બેસ્ટ વેકેશન હતું. જે વાત હું મારા ઘરે એક



'પાવર કટ' પછી શીખ્યો, તે વાત તમને બધાને તો પહેલેથી જ ખબર છે. અને મને લાગે છે, કે એ જ તમારી ખુશીનું રહસ્ય છે.''

ટીગુએ જોરથી પૂછ્યું, ''સાંચેઝ, તું 'પાવર કટ' પછી શું શીખ્યો ?''

સાંચેઝે વાત શરૂ કરી,

તે રાત્રે રોજની જેમ મમ્મી અમને બધાને ડાઈનિંગ ટેબલ પર જમવા બોલાવી રહ્યા હતા. ડેડી એમના લેપટોપ પર બિઝિ હતા. સીમ્મી ફોન પર એની ફ્રેન્ડ સાથે વાતો કરી રહી હતી. અને હું ટી.વી. પર ગેમ રમી રહ્યો હતો.



મમ્મીએ સીમ્મી પર ગુસ્સો કર્યો અને કહ્યું, ‘સોફા પર થાળી નહીં મળે. ડાઈનિંગ ટેબલ પર આવવું પડશે અને કેટલી વાર તને ના પાડી છે, કે ફોન પર વાત કરતા કરતા ફોન ચાર્જ નહીં કરવાનો !’

પછી મારો અને ડેડીનો વારો આવવાનો હતો. પણ ત્યાં તો અચાનક અંધારું થઈ ગયું. ઈલેક્ટ્રિસિટી જતી રહી. મારું ટી.વી. બંધ થઈ ગયું. થોડીવાર પછી મમ્મીએ ડાઈનિંગ ટેબલ પર સરસ મજાની મીણબત્તી સળગાવી.

ઘણા દિવસો પછી અમે પહેલીવાર એકબીજાની સાથે જમવા બેઠા, બીજું કોઈ કામ સાથે કર્યા વગર.

એટલી મજા આવી કે ના પૂછો ને વાત ! પપ્પાની સ્કૂલના દિવસોની વાતો સાંભળી, મમ્મીએ એમના મોસાળની

વાર્તાઓ કહી ને સીમ્મીએ એના સ્કૂલ ફ્રેન્ડ્સની. મેં તો બધાને હસાવી હસાવીને પેટ દુખાડી દીધું. જમવાનું પત્યું પણ અમારી વાતો ના પતી.

છેલ્લે છેલ્લે ડેડીએ અમને એક અંગ્રેજીની કહેવત કહી, ‘અ ફેમિલી ધેટ ઈટ્સ ટૂગેધર, સ્ટેયસ ટૂગેધર !’ એટલે કે જે પરિવાર સાથે બેસીને જમે, તે હંમેશાં સાથે રહે !

સાંચેઝે પોતાની વાત પૂરી કરતા કહ્યું, “આ વાત અમે ‘પાવર કટ’ પછી શીખ્યા. પણ તમને બધાને તો પહેલેથી જ ખબર છે. અને એટલે જ તો તમે બધા આમ ખુશખુશાલ રહો છો !”




આલુ-ચીલીની અત્યાર સુધીની વાર્તા એક સાથે વાંચવા...

**Click Here**

https://shorturl.at/tfccK

**આલુએ કોકોનો સાથ આપ્યો એનાથી ચીલીને બહુ જ ગરમ ગરમ લાગ્યું. અને એ કૉમ્પિટિશન છોડીને ઘરે આવી ગયો. ચીલી અપસેટ હતો, પણ આલુ એની પાછળ ના આવ્યો. એનાથી ચીલીને વધારે ગરમ લાગ્યું. પાર્સલીને ઉલ્લુ બનાવીને ચીલી થીઓના કૅફે પર જતો રહ્યો. હવે પાર્સલી આગળ વાત કહેશે...**

ચીલીને જો 'ચીલી શેક' પીવો હોય તો મને ક્યારેય કહેવું જ ના જોઈએ, કે ફ્રિજમાં 'ચીલી શેક' છે. ચીલી પણ ભોળો છે ! મેં તો ફ્રિજમાંથી બધો 'ચીલી શેક' પી લીધો. બહાર આવીને જોયું તો ચીલી ક્યાંય હતો જ નહીં.

આ ચીલી ક્યાં ગયો, મેં અમારા ઘરની આજુબાજુ જોયું. પણ એ ક્યાંય ના દેખાયો.



હેં ? આ ચીલી ક્યાં ઊડી ગયો ? હવે હું એને ક્યાં શોધીશ ? મને આલુભાઈએ એને પાર્ટીની જગ્યાએ લઈ આવવા કહ્યું હતું. હું તો ગભરાઈને તળાવે ગયો. ત્યાં કૉમ્પિટિશન બસ પૂરી જ થઈ હતી. જીફ્ફી રડતા રડતા બોલી રહ્યો હતો કે, 'કોકો સારું ગાય છે, પણ એના અવાજ કરતાં એના શબ્દો...' આટલું બોલતા બોલતા તો એને ધ્રુસકું આવી ગયું. જીફ્ફીના આંસુથી થીઓની ટોપી ભીની થઈ ગઈ. થીઓએ એને કીધું, 'તું રડીશ નહીં, આપણે નેક્સ્ટ એડ્વેન્ચર પર કોકોને આપણી સાથે લઈ જઈશું, આપણે એના બેસ્ટ ફ્રેન્ડ્સ બનીશું !'



મેં દૂરથી જોયું કે આલુભાઈ કોકો સાથે કંઈક વાતો કરી રહ્યા હતા.

કોકો કહી રહી હતી, 'આલુ, થેંક યુ, પણ તારે રોકાવા જેવું નહોતું. ચીલીને બહુ દુઃખ થયું. મને તો ટેવ છે...' ત્યાં તો

આલુભાઈ વચ્ચે બોલ્યા, 'ચીલી મારો બેસ્ટ ફ્રેન્ડ છે ! એ મને સમજશે. તું ચિંતા ના કરીશ. આજથી તું પણ ચીલી અને મારી બન્નેની ફ્રેન્ડ છે.' કોકોની આંખમાં તો આ સાંભળીને મોટા મોટા આંસુ આવી ગયા, 'તને ખબર છે આલુ, ચીલી તો એકદમ નેચરલ સિંગર છે. એણે મારા પછી ગાવાનું શરૂ કર્યું, તો પણ મારાથી સારું ગાય છે. જો એ આજે અપસેટ ના થયો હોત અને એણે પોતાનું સૉંગ ના બદલ્યું હોત, તો એ જ જીતી જાત !'




આ વાત સાંભળીને તો મારી છાતી ફુલી ગઈ. કૉમ્પિટિશન જીતી ગયા પછી પણ કોકો મારા ભાઈ ચીલીના વખાણ કરતી હતી. એ વખતે મારાથી બોલ્યા વગર રહેવાયું નહીં, 'આમ જુઓ તો કોકો પાસે હજુ બેસ્ટ સિંગર તરીકે રહેવા માટે એક-બે વર્ષ છે. પછી હું ગાવાનું

ચાલુ કરીશ ત્યારે હું જ બેસ્ટ કહેવાઈશ.' મારી આ વાત સાંભળીને આલુભાઈની આંખો ચકળવકળ થઈ ગઈ. ખબર નહીં કેમ !

એમણે મને પૂછ્યું, 'તું અહીંયા ? ચીલી ક્યાં છે ?'

અરે રે, હું તો ભૂલી જ ગયો, કે હું અહીંયા કેમ આવ્યો હતો. મેં કહ્યું, 'અરે હા, એ તો કહેવાનું રહી જ ગયું. ચીલી તો ઊડી ગયો, હું એની પાછળ ગયો. પણ મને એ મળ્યો નહીં. હવે આપણે એને ક્યાં શોધીશું ?'

આલુભાઈ બોલ્યા, 'એ ઊડીને થાકશે એટલે થીઓના કૅફે પર કંઈક ઠંડું ખાવા ચોક્કસ આવશે જ.' આલુભાઈ ચીલીને મારા કરતાં પણ વધારે ઓળખે છે. મને થાય છે કે હું આલુભાઈના ફોટો સાથે છાપામાં એક ઍડ આપી દઉં કે મને પણ એમના જેવો બેસ્ટ ફ્રેન્ડ મળી જાય.

હું આ ઍડનું વાક્ય વિચારતો હતો. ત્યાં તો આલુભાઈ બોલ્યા, 'કોકો, તું પણ પાર્ટીમાં ચાલ !'

મને થયું, કે 'આલુભાઈ બહુ સારા છે. પણ ચીલીને વધારે ખોટું લાગી જશે અને એમની અને ચીલીની દોસ્તી તૂટી ગઈ તો ?!' મેં એમને કાનમાં કહ્યું, 'ભાઈ, ચીલીનો મૂડ ખરાબ છે, રહેવા દો !' કોકોએ પણ કહ્યું, 'ના, આલુ રહેવા દે !' પણ કોઈની વાત સાંભળી જ ના હોય એમ સ્કેટ્સ પહેરીને બોલ્યા, 'જોઈએ આપણામાંથી કોણ પહેલા પહોંચે છે !' એમ કહીને નીકળી પડ્યા !



**હવે શું થશે ? ચીલી જ્યારે કોકો અને આલુને થીઓના કેફે પર મળશે ત્યારે પાર્સલી અને કોકોનો ડર સાચો પડશે કે આલુનો વિશ્વાસ ?!**

# છેલ્લે છેલ્લે...

ચાલો, એક પોસ્ટર બનાવીએ 'ગુજરાત સ્થાપના દિવસ'નું ! આ અંકમાં વાંચેલી વિગતો સાથે બીજી નવી વાતો ઉમેરીને, તમારી સુંદર મજાની ક્રિએટિવિટીનો ઉપયોગ કરીને એક પોસ્ટર બનાવો અને તેનો ફોટો પાડીને ૯૩૧૩૬૬૫૫૬૨ પર WhatsApp કરો.

અને હા, પૂજ્યશ્રીનો બર્થ ડે તમે કેવી રીતે ઊજવ્યો, એ અમને કહેવાનું ભૂલતા નહીં.